ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# દૂધની નદીઓ વહે છે ? ક્યાં ? મધ્યમવર્ગીય પરિવારોનો સવાલ

## મિલ્ક-ડે ની ઉજવણી કરી આપણે સૌ શ્વેતક્રાંતિની ઉજવણીનો દેખાવ કરીએ છીએ, દૂધ સસ્તુ થાય તેવા કોઈ પ્રયાસો કરાતા નથી

ગાંધીનગર, તા. ૨૭

મિલ્ક-ડે ની ઉજવણી ઠેર ઠેર ધામધૂમથી કરવામાં આવી. ગુજરાત સહિત સમગ્ર ભારતમાં દૂધની નદીઓ વહે છે તેવી વાતો કરી તેના થકી આવેલી સમૃદ્ધિના ગુણગાન ગાઈ વગાડીને કરવામાં આવ્યા. પરંતુ આ બધા જ શોરની વચ્ચે મધ્યમવર્ગીય પરિવારોનો સુર દબાઈ ગયો તે સુર છે, સસ્તુ અને સારૂ દૂધ મેળવવાનો. દિવસમાં બે થી ત્રણ લીટર દૂધનો વપરાશ હોય તેવા પરિવારો દરરોજ સો થી દોઢસો રૂપિયાનો ખર્ચ તો માત્ર દૂધ પર જ કરે છે. ૪૬ રૂપિયે લિટરના અધધ મોંઘા ભાવે વેચાતુ દૂધ મધ્યમવર્ગીય પરિવારોને માંડ પોષાય છે ત્યારે ગરીબ પરિવારોના બાળકોના મોંઢેથી તો દૂધનો પ્યાલો જ છીનવાઈ ગયો છે.

**સમયસર**

ડિઝલ-પેટ્રોલના ભાવ ૪ મહિનામાં ૭મી વાર ઘટવા જઈ રહ્યા છે. જે બન્ને જણસ સંપૂર્ણપણે બહારના દેશોમાંથી આયાત થાય છે. જ્યારે આખ્ખા ભારતમાં દૂધનું સૌથી વધુ ઉત્પાદન, એકત્રીકરણ અને વેચાણ-વિતરણમાં ગુજરાતનો નંબર પહેલો આવે છતાં દૂધના ભાવમાં સતત વધારો જ થતો રહ્યો છે. રાજ્ય સરકારે 'ચાલુ' વર્ષથી ૨૬ નવેમ્બરને દૂધ દિવસ (મિલ્ક-ડે) તરીકે ઉજવવાનો શરૂ કર્યો. પ્રશ્ન એ છે કે દૂધ-દહીંની નદીયો વહેવા માંડી હોય તેવા સરકારી-સહકારી દાવા છતાં દૂધ-દહીં-છાશ-માખણ-ઘી વગેરે સતત ને સતત મોંઘા જ કેમ થતાં રહે છે ? અત્યારે ગુજરાતમાં ૧૧૧.૧૨ મેટ્રિક ટન જેટલું દૂધનું રોજનું ઉત્પાદન થાય છે. દેશમાં આ સિદ્ધિ સાથે ગુજરાત ચોથા ક્રમનું રાજ્ય બન્યું હોવાનું કહેવાય છે. છેલ્લા ૧૨ વર્ષમાં સરકારી દાવા પ્રમાણે માથાદીઠ દૂધની ઉપલબ્ધતામાં ૫૧.૫૯ ટકાનો વધારો હાંસલ કરાયો છે. રાજ્ય સરકાર નાની-નાની ડેરીઓનાં (તથાકથિત) વિકાસ માટે કરોડો રૂપિયા ફાળવે છે. પશુધનમાં પણ ગુજરાત નંબર વન છે. જેમનાં માનમાં ગુજરાત સરકારે ૨૬ નવેમ્બરને નેશનલ મિલ્ક ડે મનાવવાની 'ચાલુ' વર્ષથી શરૂઆત કરી તે શ્વેતક્રાંતિના જનક ડૉ. વર્ગીસ કુરિયનની ભેટસમાન અમૂલ ડેરીની ઉપલબ્ધીઓની તો વાત જ ન્યારી છે.

૧૯૪૬માં ૨૫૦ લીટર દૂધથી શરૂ થયેલી અમૂલ ડેરી આજે ૨૦૧૪માં ૧૬૫ લાખ લીટર દૂધનું ઉત્પાદન કરે છે. રોજનું ૩.૫ મિલિયન લીટર દૂધ કલેક્શન કરનારી આ ડેરી ન કેવળ ગુજરાત કે ભારતની બલ્કે પૂરાં એશિયા ખંડની સૌથી મોટી ડેરી છે. વળી અમૂલ ડેરી તગડો નફો પણ રળે છે. કંપનીનું ગયા વર્ષનું ટર્નઓવર ૧૮,૧૪૩ કરોડનું હતું તે આ વર્ષે૦૧૪માં વધીને ૨૨૦૦૦ કરોડને આંબવા જઈ રહ્યું છે. અનુમાન તો એવું છે કે ૨૦૨૦ સુધીમાં અમૂલ ડેરીનું ટર્નઓવર ૩૦૦૦૦ કરોડનું થઈ જશે. આ ડેરી ૨૩ ટકાના વૃદ્ધિદરે છેલ્લા પાંચ વર્ષથી હરમફાળ ભરી રહી છે અને તમામે તમામ ખર્ચા કાઢતાં ડેરીને પાંચ ટકાનો ચોખ્ખો નફો થાય છે. ગુજરાત ઉપરાંત અમૂલ ડેરી રાજસ્થાન, હરિયાણા, ઉ. પ્રદેશ, પ. બંગાલ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી પમ રોજનું ૨૫,૦૦,૦૦૦ દૂધ ઉઘરાવે છે.

● અનુસંધાન પાન-૭ પર

### અત્યંત રહસ્યમય અને હાઈ પ્રોફાઈલ

# રશ્મિ ભાવે હત્યા કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપાઈ

## પોણા બે વર્ષને અંતે પણ ચકચારી હત્યા પ્રકરણનું કોકડું વણઉકેલ્યું : હત્યારો ખુબ જ શાતીર નિકળ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના એક તબીબની પત્નિ રશ્મિ ભાવેને ઘરમાં ઘુસીને ધોળે દિવસે રહેંશી નાંખી બેરહેમીપુર્વક ઠંડા કલેજે હત્યા કરી નાખવામાં આવી હતી. અત્યંત ચકચારી આ હત્યા પ્રકરણને આજે પોણા બે વર્ષ થઈ ગયા, પરંતુ શાતીર હત્યારા સુધી પોલીસ પહોંચી શકી નથી. રહસ્યમય હાઈપ્રોફાઈલ હત્યા પ્રકરણની સમગ્ર તપાસ આખરે સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવામાં આવી છે. સી.આઈ.ડી. ક્રાઈમ હવે આ ચકચારી ગુનાનું રી-કન્સ્ટ્રકશન કરે તેવી પણ શક્યતા છે.

ફેબ્રુઆરી-૨૦૧૩માં ગાંધીનગર નજીક કુડાસણ ખાતે રાધે રેસીડેન્સી ફલેટમાં રહેતાં ગાંધીનગરના જાણીતા ડૉક્ટર વિવેક ભાવેની પત્નિ રશ્મિ ભાવેની ઘરમાં ઘુસીને હત્યા કરી નાંખવામાં આવી હતી. બનાવ સ્થળના નિરીક્ષણમાં ધ્યાને આવ્યું હતુ કે, પાણીનો ગ્લાસ પોણો હતો, હત્યા બાદ ગુનામાં વપરાયેલુ તિક્ષ્ણ હથિયાર વોશ બેસિનમાં ધોવાયેલુ હતું... રૂમમાં એક મોટી બેગ પડી હતી..!



આ ઉપરાંત તમામ દૃષ્યોથી સાફ થતુ હતુ કે હત્યા કરનાર કોઈ નજીકનું અથવા પરિચિત હોય..! આ ગુનાની તપાસમાં સ્થાનિક પોલીસના હાથ ટુંકા પડતા એલસીબીને તપાસ સોંપવામાં આવી હતી. એલસીબીએ શકમંદ તેવા રશ્મિ ભાવેના પતિ તથા મહારાષ્ટ્રના બે મિત્રોના એફએસએલમાં એસડીએસ ટેસ્ટ કરાવ્યા હતા. ત્યાર બાદ શકમંદોના નાર્કો ટેસ્ટ માટે કોર્ટમાંથી મંજુરી પણ માંગવામાં આવી હતી. અલગ-અલગ દિશાઓમાં હત્યારાનું પગેરૂ મેળવવા ટીમો લગાડવામાં આવી હતી, પરંતુ શાતીર હત્યારા સુધી પહોંચવાનો કોઈ જ રસ્તો મળ્યો નથી. આખરે આ ચકચારી, રહસ્યમય અને હાઈપ્રોફાઈલ હત્યા પ્રકરણની સમગ્ર તપાસ આખરે સીઆઈડી ક્રાઈમને સોંપવામાં આવી છે. આ ગુનાનું ગુંચવાયેલુ કોકડુ ઉકેલવા હવે સીઆઈડી ક્રાઈમે તપાસના કાગળો એલસીબી પાસેથી મેળવ્યા છે. ગુનાનાં તમામ શકમંદોનું રી-ઈન્ટ્રોગેશન કરવામાં આવે તો પણ નવાઈ નહી..! હવે જોવુ રહ્યું કે આ રહસ્ય પરથી પડદો હટાવવામાં સીઆઈડી ક્રાઈમને સફળતા મળે છે કે કેમ..?

# અમિતાભ બચ્ચન ત્રણ દિવસ ગાંધીનગરમાં ફીલ્મનું શુટીંગ કરશે

## આગામી તા. ૩ થી ૫ ડિસેમ્બર શુટીંગ થશે : હાઈવેના પાસિંગ શોટસને અનુલક્ષી સાબરમતી બ્રિજ, સરિતા ઉદ્યાન અને ગીફટસીટીના લોકેશનની શુટીંગ માટે પસંદગી



ગાંધીનગર, તા.૨૭

અમિતાભ બચ્ચન 'પીકુ' ફિલ્મના શુટીંગ માટે આગામી તા. ૩ ડીસેમ્બરના રોજ ગાંધીનગર આવશે. કલકત્તાથી દિલ્હી હાઈવેના પાસિંગ શોટસ પર આધારિત આ ફીચર ફીલ્મનું શુટીંગ છેલ્લા તબક્કામાં ચાલી રહ્યું છે. જેના ભાગરૂપે તા. ૩, ૪ અને ૫ ડીસેમ્બરના રોજ ગાંધીનગરમાં સરિતા ઉદ્યાન, સાબરમતી ઓવરબ્રિજ તેમજ શાહપુર-ગીફટ સીટી તેમ ત્રણ લોકેશન પર શુટીંગ કરવામાં આવશે જયારે આજે સાણંદમાં શુટીંગ થશે.

બોલીવુડ ઈન્ડસ્ટ્રીઝના મહાનાયક અમિતાબ બચ્ચન હમણાં ગુજરાતમાં છે તેમની આગામી ફીચર ફીલ્મ 'પીકુ'ના શુટીંગ માટે તેઓ અઠવાડીયા સુધી રોકાણ કરવાના છે. ગઈકાલે આ ફીલ્મના શુટીંગને અનુલક્ષી બીગ-બી અમદાવાદમાં હતા. જયારે આજે સાણંદમાં કેટલાક ઠેકાણે શુટીંગ કરવામાં આવશે. સુજીત સરકાર દિગ્દર્શિત 'પીકુ' ફિલ્મ કલકત્તાથી દિલ્હીના પાસિંગ રૂટ બેઈઝ છે. સુજીત સરકારે અગાઉ પણ મદ્રાસ કાફે ફીલ્મ બનાવી હતી. 'પીકુ'માં મહાનાયક અમિતાભ સાથે ઈરફાનખાન, દિપીકા પદુકોણ પણ કામ કરી રહ્યા છે. હળવી કોમેડી અને હાઈવે રૂટ આધારિત ફિલ્મનુ શુટીંગ આખરી તબક્કામાં ચાલી રહ્યું છે. અમિતાભ ગાંધીનગર આવવાના હોવાથી તેમના ચાહક વર્ગમાં પણ ઉત્તેજના પ્રવર્તી છે. જયારે આ ફિલ્મના શુટીંગ માટે બીગ-બી ગાંધીનગરમાં પણ આવશે. આગામી તા. ૩, ૪ અને ૫ ડીસેમ્બરના રોજ અમિતાભ ગાંધીનગરમાં વિવિધ ત્રણ લોકેશન પર શુટીંગમાં વ્યસ્ત જોવા મળશે. સરીતા ઉદ્યાન, સાબરમતી બ્રિજ અને શાહપુર ગીફટ સીટી તેમ ત્રણ લોકેશન શુટીંગ માટે પસંદ કરવામાં આવ્યા છે. ખુશ્બુ ગુજરાત કી ની એડ ફીલ્મ બાદ હવે ટુરીઝમ સિવાય પ્રથમવાર બીગ-બી બોલીવુડની ફીલ્મ માટે શુટીંગ માટે ગુજરાતના મહેમાન બન્યા છે. ૨૮મી નવેમ્બરે સાણંદમાં શુટીંગ બાદ સુરેન્દ્રનગરમાં પણ કેટલાક લોકેશન શુટીંગ માટે પસંદ કરાયા છે.

# ...તો કર્મચારીઓ આંદોલન કરશે

ગાંધીનગર, તા. ૨૭

કર્મચારીઓના પડતર પ્રશ્નોનો જો રાજ્ય સરકાર દ્વારા હકારાત્મક ઉકેલ લાવવામાં નહી આવે તો આગામી દિવસોમાં સરકાર સામે આશ્ચર્યજનક કાર્યક્રમો આપવાની ચિમકી કર્મચારી મહામંડળે આપી છે.

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે કર્મચારી મંડળ દ્વારા અનેકવાર રાજ્ય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી અને સરકારે પણ પ્રશ્નો ઉકેલવા માટેની હૈયાધારણ આપી હતી. આમ છતાં હજુ પણ કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ નહી આવતા કર્મચારીઓમાં નારાજગી ઉઠવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આજે ગાંધીનગર ખાતે રાજ્ય કર્મચારી મહામંડળની એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં પડતર પ્રશ્નો અંગે સરકાર દ્વારા કોઈ જ હકારાત્મક વલણ અપનાવીને પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવામાં નહી આવતાં નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી.

આ ઉપરાંત જો કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે જો સરકાર દ્વારા કોઈ ઉકેલ લાવવામાં ન આવે તો સરકાર સામે આંદોલાત્મક કાર્યક્રમો આપવા માટે આજની બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠક સંદર્ભે મહામંડળના પ્રમુખે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે રાજ્ય સરકાર એક તરફ વાયબ્રન્ટ સમીટ જેવા ઉત્સવો કરી રહી છે, બીજી બાજુ કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ માટે કોઈ જ નિર્ણય લેવામાં આવતાં નથી અને ઠાલા વચનો જ આપવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર






# વ્યાજખોરોના ત્રાસથી શહેરના વધુ એક યુવાને દવા ગટગટાવી

## વ્યાજખોરોને છાવરતી પોલીસે પોતાની મરજી મુજબ નિવેદન નોંધ્યું હોવાનો આક્ષેપ : યુવાન સિવિલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૨૭

પંદરેક માસ પહેલા વ્યાજખોરો પાસેથી વ્યાજે લીધેલા રૂ. ૫ હજાર પરત કરવા શહેરના એક યુવાનને તેની માતા અને દિકરાની હાજરીમાં વ્યાજખોરોએ ઢોર માર માર્યો અને રૂપિયા એક દિવસમાં નહી આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ધમકી બાદ ગભરાઈ ગયેલા યુવાને ઘરે જઈ દવા ગટગટાવી લીધી અને હાલ તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. યુવાનનું દવા પી જવા અંગે નિવેદન લઈ ગયેલી પોલીસ વ્યાજખોરોને છાવરી રહી હોવાનો અને પોતાની મરજી મુજબ નિવેદન નોંધી ગઈ હોવાનો આક્ષેપ યુવાને કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ સેક્ટર-૧૩ પ્લોટ નં. ૫૮૨ ખાતે રહેતા ૩૭ વર્ષીય પરિણીત યુવાન વિનોદ ભાનુભાઈ જખવાડીયાએ પંદરેક માસ પહેલા ગલા દેસાઈ અને વિપુલ દેસાઈ નામના કોઈ વ્યાજખોરો પાસેથી રૂ. ૫ હજાર વ્યાજે લીધા હતા. અત્યાર સુધી તેણે રૂ. ૪૫૦૦ જેટલુ વ્યાજ પણ ચુકવી દીધુ છે. ગઈકાલે વિનોદ ઘ-૫ પાસેથી માતા અને દિકરાને લઈને

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

તંત્ર દ્વારા દબાણ વારંવાર હટાવાય છે, ફરીથી દબાણ ઉભું થાય છે. ફરી હટાવાય છે, આવું સતત ચાલ્યા જ કરે છે. પ્રશ્ન એ છે કે દબાણ થયા પહેલા જ કેમ હટાવી નથી દેવાતું? સેકટર-૨૩ કડી સર્વ વિદ્યાલય હોસ્ટલની દિવાલની આડશે દબાણ એટલી હદે છે પણ હટશે કયારે...?!


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭



SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
FOR HEALTHY CONSTRUCTION
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


# ડિસેમ્બરથી જૂના વાહનોને પણ હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાવાશે

## ટ્રાન્સપોર્ટ વાહનોને ફીટનેશ સર્ટી ત્યારબાદ જ અપાશે

ગાંધીનગર, તા. ૨૭

આર.ટી.ઓ. કચેરી દ્વારા આગામી ડિસેમ્બર મહિનાથી જૂના વાહનોને પણ હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાવવાનું અભિયાન હાથ ધરાશે. ટ્રાન્સપોર્ટ વાહનોને પણ એચ.એસ.આર.પી. નંબર પ્લેટ ફીટ કરાયા બાદ જ ફીટનેશ સર્ટીફિકેટ આપવામાં આવશે.

રાજયના પ્રથમ મોડેલ આર.ટી.ઓ. કચેરીઓ અરજદારોને ઝડપી અને અસરકારક સેવા પુરી પાડવા ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક ઓનલાઈન એપોઈન્ટમેન્ટના આધારે લાયસન્સ ઈસ્યુ કરવાની પ્રક્રીયા સહીત નવા વાહનોને સલામતીને અનુલક્ષી હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાડવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ કામગીરી યોગ્ય રીતે થતા જૂના વાહનોને પણ હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાડવા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે વાહન વ્યવહાર કમિશનરની કચેરી કક્ષાએથી જૂના વાહનોમાં એચ.એસ.આર.પી. ના અમલ માટે પરિપત્ર જારી કરી દેવાયો છે. વાહન વ્યવહાર કમિશનરના જણાવ્યા મુજબ તમામ ટ્રાન્સપોર્ટ વાહનોના ફીટનેશ સર્ટીફિકેટ્સ ઈસ્યુ કરતા પહેલા હાઈ સિક્યુરીટી નંબર પ્લેટનું ફીટીંગ થયું છે કે નહી તેની પણ ખાતરી કરવામાં આવશે. આ મામલે આર.ટી.ઓ. કચેરી કક્ષાએથી મળેલા ડેટાના આધારે એચ.એસ.આર.પી. કંપની વાહન માલિકને એપોઈન્ટમેન્ટ સંદર્ભે મેસેજ મોકલશે. જ્યારે વાહન પર પ્લેટ ફીટ કરાયા બાદ આર.ટી.ઓ. કચેરીને પણ જાણ કરવામાં આવશે. આ માટે અરજદારે અરજીફોર્મ ભરી એચ.એસ.આર.પી.ની રસીદ મેળવી આગળની કાર્યવાહી કરવી પડશે. આગામી ડિસેમ્બર મહિનાથી જૂના વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવવાનું શરૂ કરી દેવાશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com